# મનપાનું ડ્રાફ્ટ બજેટ ૫૧૩ કરોડનું, ૩૩ કરોડની પુરાંત

## કુડાસણમાં ટાઉનહોલ, કોલવડા-વાવોલમાં કોમ્યુનીટી હોલ બનશે : અર્બન હેલ્થ સેન્ટરો બનાવવા ૫૦૦ લાખ, શૈક્ષણિક સુવિધાઓ માટે રૂ. ૨૦૦ લાખ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગપાલિકાનું સને ૨૦૨૨-૨૩નું રૂ. ૫૧૩ કરોડનું અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ આજે મ્યુનિ. કમિશનરે રજુ કર્યુ છે. કમિશનરે તેમના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૩૩.૬૫ કરોડની પુરાંત દર્શાવી છે જે ગત વર્ષની તુલનામાં રૂ. ૩ કરોડ ઓછી છે.

શહેરમાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉભી કરી અને વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરવાનો પ્રયાસ આ બજેટમાં કરાયો છે. નવા આવકના સ્ત્રોતો ઉભા કરવાની કવાયત હાલ પુરતી ટાળવાનું તંત્રએ પુનાસિબ માન્યુ છે.

હાલના કરમાળખામાં ફેરફાર કર્યા વગર બિન કરપાત્ર આવકમાં અંદાજે રૂ. ૧૦૦ કરોડ જેટલી આવક મેળવવાનો અંદાજ રાખવામાં આવ્યો છે.

મ્યુનિ. કમિશનરે ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ ઝડપથી ઉભી કરવાના સંકેતો આ ડ્રાફ્ટ બજેટમાં આપ્યા છે સાથે સાથે જુના વિસ્તારોમાં મરામત અને જાળવણી માટે સારી એવી રકમ ફાળવી આપી છે.

સ્થાયી સમિતિ સમક્ષ ડ્રાફ્ટ બજેટ રજુ કર્યા બાદ કમિશનરે પત્રકારોને વિગતો આપતા જણાવ્યુ હતુ કે અંદાજપત્રમાં વિકાસના નવીન પ્રકારના કામો માટે તેમજ નાગરિક સુવિધા સગવડ માટે કેપીટલ ખર્ચના વિવિધ સદરે રૂ. ૩૬,૯૦૫.૩૮ લાખની જોગવાઈ કરાઈ છે. જેમાંથી ૪૨૦૦ લાખના નવા કામોની દરખાસ્ત સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે.

શહેરી ગરીબ અને પછાત વિસ્તાર તથા પેરીફેરી ગામડા વિસ્તારમાં સુવિધાઓ સુદઢ બને તે માટે ૧૮૦૦ લાખની જોગવાઈ ચાલુ રાખવામાં આવી છે.

મનપાની મુખ્ય સેવા સફાઈ અંગેની કામગીરી માટે રૂ. ૪૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

મનપામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં નવી ડ્રેનેજલાઈન, સુએઝ પંપીંગ સ્ટેશન, એસ.ટી.પી.ના બાંધકામ માટે રૂ. ૧૦૫.૧૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે જે પૈકી આ વર્ષે રૂ. ૭૯.૮૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

નવા વિસ્તારોમાં પાણીની નવી લાઈન નાખવાનું કામ, વોટરવર્ક્સ, રો-વોટર પંપ, ક્લિયર વોટર પંપ હાઉસ વગેરેના નિર્માણ પાછળ રૂ. ૫૬૧૦ લાખની જોગવાઈ આ વર્ષના ડ્રાફ્ટ બજેટમાં કરવામાં આવી છે.

શહેરમાં સેલ્ટર હોમ બનાવવા માટે રૂ. ૪૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મુક્તિધામ કબ્રસ્તાન તથા નાના બાળક માટે દફનવિધિ તેમજ અન્ય અંતિમ ધામોની જરૂરિયાત મુજબની કામગીરી માટે રૂ. ૬૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

કુડાસણમાં ટાઉનહોલ બનાવવા માટે રૂ. ૬૦૦ લાખ






સિનિયર સિટીઝન પાર્ક અને લાયબ્રેરી બનાવવા રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

કોલવડા-વાવોલ વિસ્તારમાં કોમ્યુનીટી હોલ, લાયબ્રેરી તેમજ અદ્યતન સુવિધાવાળુ સ્મશાન ગૃહ બનાવવા માટે રૂ. ૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરના અલગ અલગ વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બાંધકામ માટે રૂ. ૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ફાયર ચોકી બનાવવા માટે રૂ. ૫૦૦.૦૦ લાખ તેમજ વિવિધ સ્થળે જાહેર શૌચાલય બાંધવા માટે રૂ. ૧૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુતરાના ખસીકરણ, એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ. ૭૫.૦૦ લાખ તેમજ ઢોરડબ્બો બનાવવા માટે રૂ. ૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં મટીરીયલ રીકવરી ફેસેલીટી (એમ.આર.એફ.) સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ. ૫૦૦.૦૦ લાખ તથા અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂ. ૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ શાળાઓની સુવિધા વધારવા અનુશાંગિક કામગીરી માટે રૂ. ૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

કમિશનરે જણાવ્યુ હતુ કે નવા સમાવાયેલા વિસ્તારોમાં પાણી-ગટરની સુવિધા માટે દર પણ આ અંદાજપત્રમાં સૂચવવામાં આવ્યા છે જે ઔડા-ગુડાના દરોના અભ્યાસ કરી તેના જેવા જ દર નિયત કરવામાં આવ્યા છે. જેમાંથી અંદાજે રૂ. ૧૨ કરોડ જેટલી

● અનુસંધાન પાન-૭ પર

### મનપા ક્યાં ક્યાંથી નાણાં વસુલ કરશે

ગાંધીનગર મહાનગરપાલિકાને મિલકતવેરા દ્વારા વર્ષ-૨૦૨૨-૨૩માં રૂપિયા ૫૩ કરોડની વસુલાત કરવામાં આવશે. તેમજ ડોર ટુ ડોર સફાઈ વેરામાંથી અંદાજીત રૂપિયા ૩૫૦ લાખની આવક થશે. તેની સાથે વ્યવસાયવેરાની આવક રૂપિયા ૧૧૦૦ લાખ થવાની અપેક્ષા છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવા વિસ્તારમાં પાણી વેરો અને ગટર વેરો ઉઘરાવવામાં આવશે. આ પાણી વેરા અને ગટર વેરાના દરોની સ્થાયિ સમિતિ તેમજ સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ આ બજેટમાં અંદાજિત રૂપિયા ૬૦૦ લાખની આવક થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. તેની સાથે મહાનગરપાલિકા દ્વારા અંદાજિત રૂપિયા ૮૦૦ લાખનો વ્હિકલ ટેક્ષ મળશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧૮ ગ્રામ્ય વિસ્તારો, એક નગરપાલિકા તથા ૫૦ ટી.પી. વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના થકી તમામ નવીન બાંધકામો માટે બાંધકામ પરવાનગી તથા વપરાશ પરવાનગી ફીની આવક સાથે બેટરમેંટ ચાર્જ તથા ચાર્જેબલ એફ.એસ.આઈ.ની નવી આવકનો સમાવેશ થયેલ છે. જેની સામાન્ય સભામાં મંજુરીની અપેક્ષાએ વર્ષ-૨૦૨૨-૨૩માં અંતર્ગત કુલ ૭૫૦૦ લાખની આવક મળવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. રોકાણોના વ્યાજની આવક રૂપિયા ૧૨૦૦ લાખ થવાની ધારણા છે. આ ઉપરાંત દુકાન-લારી ગલ્લા ભાડાની આવક રૂપિયા ૧૨૭ લાખનો અંદાજ રાખવામાં આવ્યો છે. તેની સાથે ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ રૂપિયા ૧૫૪૮ લાખ અને રેવન્યુ ગ્રાન્ટની આવક ૧૮૧૫ લાખ થવાની ધારણા છે. આમ વર્ષ-૨૦૨૨-૨૩ માં કુલ રેવન્યુ આવક ૨૦,૫૫૪.૦૩ લાખ થશે. તેમજ રેવન્યુ અંદાજપત્રમાંથી તબદીલ થનાર રૂપિયા ૭,૫૦૦ લાખ, રાજ્ય તથા કેન્દ્ર સરકારની કેપિટલ ગ્રાન્ટ માટે સંભવિત મળનાર રકમ રૂપિયા ૭,૦૫૭ લાખની કેપીટલ ગ્રાન્ટ તથા ડીપોઝીટ અનામત સદરે રૂપિયા ૩૦૦ લાખ મળીને કુલ કેપીટલ આવક રૂપિયા ૧૪,૮૫૭ લાખ થવાની અપેક્ષા છે.

### મિલ્કતવેરાની બાકી વસુલાત ૨૯ કરોડ છે

ગાંધીનગર મનપામાં મિલ્કતવેરાની વસુલાત ૨૯ કરોડ જેટલી બાકી છે. સરકારના વિભાગો સાથે આ અંગે પરામર્શ ચાલી રહ્યો હોવાનો સ્વીકાર પણ મ્યુનિ. કમિશનરે પત્રકારોના પ્રશ્નોના ઉત્તર દરમ્યાન કર્યો હતો. તેમણે કહ્યુ કે ખાનગી મિલ્કતધારકોને વસુલાત માટે નોટીસ પણ આપવામાં આવી છે.

### નવા વિસ્તારોમાં કયા-કયા કામો થશે ?

૧. ગાંધીનગર શહેરની પેરીફેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓ (કોમ્યુનિટી હોલ, પ્રાથમિક શાળામાં જરૂરી સુવિધાઓ, પ્રાર્થના ખંડ, પે એન્ડ યુઝ ટોઈલેટ, વૃક્ષારોપણ, સીસી રોડ, પાણી અને ગટર વ્યવસ્થા તેમજ અન્ય કામો)
૨. મનપામાં સમાવિષ્ટ નવા ગામોમાં પાયાની સુવિધા માટેનો ખર્ચ
૩. સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારમાં આંતરિક રસ્તાઓના સી.સી. રોડ માટેની કામગીરીનો ખર્ચ
૪. મનપા વિસ્તારમાં સીટી બસ સ્ટેન્ડ બનાવવા માટેનો ખર્ચ
૫. મનપા હસ્તકની મિલકતોની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા મોટનો ખર્ચ
૬. કુડાસણ વિસ્તારમાં ટાઉનહોલ બાંધકામ માટેનો ખર્ચ
૭. કુડાસણમાં સિનિયર સિટીઝન પાર્ક અને લાઈબ્રેરીના બાંધકામ માટેનો ખર્ચ
૮. નવા વિસ્તારો વિવિધ સ્થળે જાહેર શૌચાલય બાંધવાનો ખર્ચ
૯. કોલવડા અને વાવોલ વિસ્તારમાં કોમ્યુનિટી હોલ/લાયબ્રેરી તથા અદ્યતન સુવિધાવાળુ સ્મશાનગૃહના બાંધકામ માટેનો ખર્ચ
૧૦. નવા વિસ્તારોમાં ફાયર ચોકી બનાવવાનો ખર્ચ
૧૧. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં આસફાલ્ટ અને સી.સી. રોડના કામ માટેનો ખર્ચ
૧૨. મનપાના અલગ અલગ વિસ્તારમાં કોમ્યુનિટી હોલના બાંધકામ માટેનો ખર્ચ
૧૩. મનપા વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન સુએઝ પંમ્પીંગ સ્ટેશન એસટીપી વગેરેના બાંધકામ માટેનો ખર્ચ
૧૪. મનપામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં પાણીની નવી લાઈન ડી ઈ નાખવાનું કામ તેમજ વોટરવર્ક્સ રો વોટર પમ્પ હાઉસ ક્લિયર વોટર પમ્પ હાઉસ વિગેરેના બાંધકામ માટેનો ખર્ચ.
૧૫. મનપા વિસ્તારમાં અર્બન હેલ્થસેન્ટર બનાવવાની કામગીરી

# ફેબ્રુઆરીના પ્રારંભે દેશના પર્વતીય પ્રદેશમાં કરા સાથે તોફાની વરસાદ થશે

**ફેબ્રુઆરી મહીનાના પ્રારંભે બે દિવસ ઠંડીમાં રાહત રહેશે : જો કે ૪ ફેબ્રુઆરી બાદ ફરી ઠંડીનુ જોર વધશે : ૧૯ ફેબ્રુઆરી બાદ ગરમી વધશે માર્ચના પ્રારંભ સુધી ડબલ સિઝનનો અહેસાસ થશે : ફેબ્રુઆરી મહીના દરમિયાન ગુજરાતમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૩૧

ફેબ્રુઆરી મહીનામાં બે દિવસ સુધી ઠંડીમાં રાહત રહેશે જયારે આગામી તા ૪ ફેબ્રુઆરી બાદ ઠંડીનુ જોર વધશે જયારે તા ૧૯ ફેબ્રુઆરીથી વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ પણ વધશે જયારે માર્ચ મહીનાના પ્રારંભ સુધી ડબલ સિઝનની અસર વર્તાશે. આગામી તા ૨ થી ૪ ફેબ્રુઆરી દરમિયાન દેશના ઉત્તરીય પ્રદેશોથી રાજસ્થાન પંજાબ હરિયાણા, જમ્મુ કાશ્મીર સહીતના વિસ્તારમાં કરા અને ગાજવીજ સાથે તોફાની વરસાદ થશે જયારે ગુજરાતમાં પણ વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર જોવા મળશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ આ શિયાળામાં હવામાનમાં વારંવાર પલ્ટા થયેલા છે. જેના લીધે જનધન અને ઉભા કૃષિ પાકોને વિષમ હવામાનની અસર થવામાં હતી ત્યારે ફેબ્રુઆરી મહીનામાં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો પંજાબ, હરિયાણા, જમ્મુ કાશમીર યુ પી , મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ભાગોનુ હવામાન પણ ફેબ્રુઆરી મહીનાની શરૂઆતમાં પલ્ટી શકે તેવી સંભાવના છે. ફેબ્રુઆરી તા ૨ થી ૪ માં દેશના ઉત્તરીય પ્રદેશોથી લઈને યુ પી , એમ પી, રાજસ્થાન છત્તીસગઢ અને બિહારના ભાગોમાં ભારે કમોસમી વરસાદ વિજળીના કડાકા સાથે કરા પડવાની સાથે તોફાની પવન ફુંકાવાની સંભાવના છે. ગુજરાતમાં પણ વેસ્ટર્ન ડિસ્ટબર્નસના લીધે અરબ સાગરમાં આવતા ભેજના લીધે દરિયા કીનારે ઉંચા મોજા ઉછળે અને ગુજરાતના ભાગોમાં પણ સખત પવન ફુંકાઈ તેવી સંભાવના છે. તા ૧૦ ફેબ્રુઆરી સુધીમાં અને મહીનાના મધ્યમાં પણ ગુજરાતના હવામાનમાં પલ્ટો જોવા મળશે. આ દરમિયાન માવઠુ થવાની સંભાવના છે. તા ૪ ફેબ્રુઆરી બાદ પુન : ઠંડીનો ચમકારો વર્તાશે.

ઠંડીનો દૌર છે ક ફાગણની શરૂઆત સુધી લંબાય તેવી સંભાવના છે. તા ૧૯ ફેબ્રુઆરી બાદ ધીમે ધીમે ગરમી વધે પરંતુ રાત્રિ અને સવારના સમયે ઠંડા પવનનુ જોર ચાલુ રહેશે.ફેબ્રુઆરી મહીનામાં બિન પિયત ભાગોમાં ઉભા કૃષિ પાકોમાં દેશી કપાસ તેમજ પહોળા પાનવાળા પાકોમાં હીમની અસરની સંભાવના છે. ફેબ્રુઆરી મહીનામાં ઠંડીનો પારો ૧૨ ડીગ્રી આસપાસ રહેશે. હાલ બે ત્રણ દિવસ સુધી ઠંડીમાં રાહત રહેશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# મેટ્રો ટ્રેઇનને અનુલક્ષી કોબાની હદમાં બ્રિજ બાંધવા ૪૪૫ ચોરસ મીટર જમીન સંપાદન કરાશે

ગાંધીનગર તા ૩૧

મેટ્રો ટ્રેઈનના પ્રોજેકટને અનુલક્ષી કામગીરી નેશનલ લો યુનિવર્સિટી નજીક બ્રિજનુ બાંધકામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી કોબા વિસ્તારની હદમાં ૪૪૫ મીટર જમીન સંપાદન કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. મેટ્રો રેલ પ્રોજેકટને ધ્યાનમાં રાખી ગાંધીનગરના મહત્વના ગિફટ સીટી, અક્ષરધામ અને મહાત્મા મંદિર સહીતના સ્થળને રૂટમાં જોડવામાં આવ્યા છે.

**સર્વે નં ૧૬૯ પી ની ૪૨૩ ચોરસ મીટર જમીન અને સર્વે નંબર ૧૭૦ ની ૨૨ ચોરસ મીટર જમીન સંપાદન કરીને મેળવવામાં આવશે**

મેટ્રો ટ્રેઈનને બીજા તબક્કામાં ગાંધીનગર રૂટમાં દોડાવવા માટેની ગતિવિધિઓ તરફ ધ્યાન કેન્દ્રીત કરવમાં આવ્યુ છે. જયારે આ પ્રક્રીયાને વેગ આપવા માટે મહાનગરપાલિકા વિસ્તારમાં કોબા પોસ નાનો બ્રિજનુ નિર્માણ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી ૪૪૫ ચોરસ મીટર જમીન સંપાદન કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. મહેસુલ વિભાગ દ્વારા કોબા વિસ્તારની હદમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી નજીક બ્રિજનુ બાંધકામ કરવા માટે જરૂરી જમીન સંપાદન કરવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સુત્રોએ આ મામલે જણાંવ્યુ હતુ કે જમીન સંપાદન , પુન : સ્થાપન અને પુનવર્સનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ ૨૦૧૬થી મળેલા અધિકારો અંતર્ગત કાર્યવાહી શરૂ કરવા માટે જાહેરનામુ બહાર પાડી દેવાયુ છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટના ફેઝ ટુ અન્વયે આંતર માળખાકીય સુવિધાની જરૂરત માટે આ જમીન સંપાદન કરવા માટે આયોજન કરાયુ છે. જેમાં સર્વે નં ૧૬૯ પી ની ૪૨૩ ચોરસ મીટર જમીન અને સર્વે નંબર ૧૭૦ ની ૨૨ ચોરસ મીટર જમીન સંપાદન કરીને મેળવવામાં આવશે. જયારે આ પ્રોજેકટ અન્વયે ઓછામાં ઓછી જમીન સંપાદન કરાશે. રાજય સરકારે પણ મેટ્રો રેલ પ્રોજેકટને વેગ આપવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગિફટ સીટી, અક્ષરધામ તેમજ મહાત્મા મંદિરને મેટ્રો રેલના રૂટમાં જોડવામાં આવ્યા છે.

### બેઉ બળીયા બાથે વળગ્યાં

# રાજપૂત સમાજ ભવને એક જ ગામના બે અગ્રણી જુથો બાખડ્યાં..!!

ગાંધીનગર તા.૩૧

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે રાજપૂત સમાજ ભવનમાં યોજાયેલી સમાજની બેઠકમાં આજે શહેરના બે રાજપૂત જુથો વચ્ચે બોલચાલી બાદ હાથાપાઇ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર એક જ ગામના બે અગ્રણીઓના જૂથ સામસામે કોઈ મુદ્દે બાખડી પડ્યાં હતાં જે માથાકૂટ વધી જતાં છુટ્ટા હાથની મારામારી સુધી વાત વણસી જતાં મીટિંગમાં હાજર અગ્રણીઓએ મધ્યસ્થી કરી બંન્ને જુથોની છુટા પાડયાં હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે.૧૨માં રાજપૂત સમાજ ભવનમાં સોમવારે સાંજે ચારેક વાગ્યાના સુમારે સમાજના હોદ્દેદારો અને અગ્રણીઓની મિટીંગ યોજાઇ હતી જે મિટીંગમાં એક જ ગામના બે રાજપૂત અગ્રણીઓ વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી થવા પામી હતી. આ બોલાચાલીએ જોત જોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં બંને અગ્રણીઓના જુથ સામસામે આવી ગયાં હતા અને સભામાં દેકારો મચી જવા સાથે ગાળાગાળી સાથે ખુરશીઓ ઉછળી હતી તેમજ વાત છુટ્ટા હાથની મારામારી સુધી પંહોચી જવા પામી હતી. જોકે મિટીંગમાં હાજર અન્ય સભ્યો અને અગ્રણીઓએ બંને જુથ વચ્ચે પડીને છુટા પાડયાં હતા અને માથાકૂટ અટકાવી હતી અને ગુસ્સે ભરાયેલા સભ્યોને સમજવીને રવાના કરાવાયા હતા અને તે સાથે મિટીંગ અધુરી આટોપી લેવામાં હતી. જોકે સમગ્ર ઘટનામાં મોડી સાંજ સુધી કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નહોતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com